**ભ્ર પ્રેસ નોટ ભ્ર     તા.૦૫/૦૨/૨૦૨૪**

## અમરેલી શહેરમાં બહારપરા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઈસમોને રોકડ રૂ.૧૧,૨૫૦/- સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે અમરેલી, બહારપરા, બી.કે.ટાંકના ડેલા પાસે આવેલ શેરી નં.૩ માં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા ચાર મહિલા સહિત પાંચ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

**➡ પકડાયેલ આરોપીઓઃ-**

(૧) સતિષ ઉર્ફે ચકો રઘુરામભાઇ ગોંડલીયા, ઉ.વ.૪૨, રહે.અમરેલી, જેસીંગપરા, શેરી નં.૩.
(૨) ગીતાબેન વા/ઓ. વિઠ્ઠલભાઇ ડાબસરા, ઉ.વ.૪૨, રહે. અમરેલી, બહારપરા, પુતળીબાઇની શેરી.
(૩) લીલાબેન વા/ઓ. આંબાભાઇ બચુભાઇ ચાવડા, ઉ.વ.૪૫, રહે.અમરેલી, બહારપરા, બી.કે.ટાંકના ડેલા પાસે, શેરી નં.૩.
(૪) હંસાબેન વા/ઓ. બાબુભાઇ ભુરાભાઇ વારૈયા, ઉ.વ.૪૫, રહે.અમરેલી, બહારપરા, બી.કે.ટાંકના ડેલા પાસે, શેરી નં.૩
(૫) હંસાબેન વા/ઓ. પ્રવિણભાઇ મોતીભાઇ ગોહિલ, ઉ.વ.૪૫, રહે.અમરેલી, બહારપરા, પુતળીભાઇની શેરી.

**➡ પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૧૧,૨૫૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૧,૨૫૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. ભગવાનભાઇ ભીલ, મહેશભાઇ સરવૈયા,** તથા હેડ **કોન્સ. દયાબેન જસાણી, કિશનભાઇ આસોદરીયા** દ્વારા કરવામાં આવેલ છે.

**ભ્ર પ્રેસ નોટ ભ્ર     તા.૦૫/૦૨/૨૦૨૪**

## બાબરા તાલુકાના ખાનપર ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ ઈસમોને રોકડ સહિત કુલ કિં.રૂ.૨૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૦૪/૦૨/૨૦૨૪ ના રોજ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે બાબરા તાલુકાના ખાનપર ગામની સીમાડા તરીકે ઓળખાતી સીમમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા ત્રણ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

**➡ જુગાર રમતા પકડાયેલ ઈસમોઃ-**

(૧) ગોબરભાઇ કલાભાઇ મકવાણા, ઉ.વ.૫૩, રહે. કર્ણુકી, તા.બાબરા, જિ.અમરેલી.

(૨) શિવુભા કાળુભા રાયજાદા, ઉ.વ.૩૨, રહે.આટકોટ, કૈલાશનગર, જિ.રાજકોટ.
(3) કાનજીભાઇ અરજણભાઇ મેર, ઉ.વ.૪૫, રહે.નાની લાખાવડ, તા.જસદણ, જિ.રાજકોટ.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૧૫,૫૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૩, કિં.રૂ.૧૦,૫૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-**૫૨** કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૨૬,૦૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ,** તથા **મનિષભાઇ જાની, નિકુલસિંહ રાઠોડ,** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા** દ્વારા કરવામાં આવેલ છે.

## **બ્સ પ્રેસ નોટ ૪ઞ** **તા.૦૫/૦૨/૨૦૨૪**

**સોનાના ચાંદીના દાગીના ધોઇ નવા કરી આપવાના બહાને સોનાના દાગીના ઉપરનું ૩૨.૪ ગ્રામ સોનું ઓગાળી વજન ઓછો કરી નાખી, રૂ.૧,૬૦,૦૦૦/- ની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરનાર બે ઇસમોને પકડી પાડી, રોકડ રૂ.૧,૧૦,૦૦૦/- રીકવર કરી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.**

➡ **ગુનાની વિગતઃ-**

સવિતાબેન મગનભાઇ જોગાણી, ઉ.વ. ૭૦, રહે.વિરપુર, તા.લાઠી, જિ.અમરેલી વાળાના રહેણાંક મકાને ગઇ તા.૩૧/૦૧/૨૦૨૪ નાં રોજ બે અજાણ્યા ઇસમો શેમ્પુ વહેચવાના બહાને આવી, સોના ચાંદીના વાસણો ધોઇ આપવાનું કહેતા સવિતાબેનએ પ્રથમ ત્રાંબાનો લોટો આપતા તેને ધોઇને નવો કરી આપેલ, બાદ બીજા વાસણો હોય તો ધોઇ આપવાનું કહેતા ચાંદીની ગાય તથા ગણપતિની મુર્તિ આપતા તેને પણ ધોઇ આપેલ, આ દરમિયાન અજાણ્યા માસણોએ જુના સોનાના દાગીના હોય તો તેને પણ ધોઇને નવા કરી આપવાનું કહી, વિશ્વાસમાં લઇ સોનાનો ચેઇન આશરે ત્રણ તોલાનો તથા સોનાની બંગડી અઢી તોલાની ધોવા માટે આપતા, અજાણ્યા માણસોએ પોતાની સાથે લાવેલ પ્રવાહીમાં સોનાનો ચેઇન તથા સોનાની બંગડી નાખી ધોઇ આપી, ચેઇન તથા બંગડીમાંથી આશરે ૩૨.૪ ગ્રામ કિં.રૂ.૧,૬૦,૦૦૦/- સોનુ ઓગાળી લઇ, સવિતાબેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી, નાશી જઇ ગુનોકરેલ હોય, જે સવિતાબેનએ અજાણ્યા બે ઇસમો વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા **લાઠી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૪૦૦૨૮/૨૦૨૪, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૧૭, ૪૨૦, ૧૧૪ મુજબ**નો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ આ પ્રકારના અનડીટેકટ ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા અનડીટેક્ટ ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ બનાવના સ્થળના આવવા જવાના રોડ ઉપરના સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરી, આ ગુનાના ફરિયાદીની પુછપરછ કરી, આરોપીઓના વર્ણન અંગે માહિતી મેળવી, ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે બે ઇસમોને પકડી પાડી, પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરતાં ઉપરોકત અનડીટેકટ ગુનો કરેલ હોવાની કબુલાત આપેલ હતી.

➡ **પકડાયેલ આરોપીઓની વિગતઃ-**

(૧) મહોમદફારૂક મહોમદમજનુ રાયન, ઉ.વ.૨૫, રહે.તુલસીપુર ગામ, વોર્ડ નં.૧૧, તા.ખરીદ, જિ.ભાગલપુર, (બિહાર) હાલ રહે.બોટાદ, સોનાવાલા હોસ્પીટલની બાજુમાં, બિલ્લીબેનના મકાનમાં તા.જિ.બોટાદ.
(૨) મહોમદસમસુદ મહોમદમુસ્તફા મન્સુરી, ઉ.વ.૨૫, રહે.તુલસીપુર ગામ, વોર્ડ નં.૧૧, તા.ખરીદ, જિ.ભાગલપુર, (બિહાર) હાલ રહે.બોટાદ, સોનાવાલા હોસ્પીટલની બાજુમાં, બિલ્લીબેનના મકાનમાં તા.જિ.બોટાદ.

➡ **કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-**

રોકડા રૂ.૧,૧૦,૦૦૦/- તથા એક યામાહા કંપનીનું એફ.ઝેડ વેરીયન્ટ મોડલનું મોટર સાયકલ રજી. નં.જી.જે.**૨૭**.એ.એન.**૯૩૦૧** કિં.રૂ.૫૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ. ૧,૬૦,૦૦૦/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ** તથા હેડ **કોન્સ. મનીષભાઇ જાની, નિકુલસિંહ રાઠોડ, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા** દ્વારા કરવામાં આવેલ છે.

**❁ પ્રેસ નોટ ❁** **તા.૧૦/૦૨/૨૦૨૪**

**જાફરાબાદ ટાઉનમાં માલુમા સ્ટેડીયમથી નાની રાયણ જવાના રસ્તે ખુલ્લી પડતર જગ્યામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ (IMFL)ની બોટલ તથા બિયર મળી કુલ કિ.રૂ.૪૬,૫૪૫/- નો મુદ્દામાલ પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૂતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૦૯/૦૨/૨૦૨૪ નાં રોજ જાફરાબાદ તાલુકા વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકિકત મળેલ કે જાફરાબાદ વિસ્તારમાં માલુમા સ્ટેડીયમથી નાની રાયણ જવાના રસ્તે ખુલ્લી પડતર જગ્યામાં અમુક ઇસમો બાવળની કાંટમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો તથા બિયર રાખી વેચાણ કરતા હોવાની હકિકત આધારે રેઇડ કરતા ભારતીય બનાવટની

વિદેશી દારૂની બોટલો તથા બિયરનો જથ્થો મળી આવેલ, પકડાયેલ જથ્થો આગળની કાર્યવાહી થવા જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં સોંપી આપી, સંડોવાયેલ અજાણ્યા ઇસમને પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે.

⇨ **પકડાયેલ મુદ્દામાલઃ-**

ભારતીય બનાવટની વિદેશી દારૂની બ્લેન્ડર પ્રાઇડ સિલેકટ પ્રીમિયમ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–**૨૭** કિં.રૂ.૨૬,૮૬૫/- તથા કિંગફિશર સુપર સ્ટ્રોંગ પ્રીમિયમ બિયરના ૫૦૦ એમ.એલ.ના ટીન નંગ–**૧૬૪** કિં.રૂ.૧૯,૬૮૦/- મળી **કુલ કિ.રૂ. ૪૬,૫૪૫/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા,** તથા હેડ **કોન્સ. લીલેશભાઇ બાબરીયા** તથા **પો.કોન્સ. વિનુભાઇ બારૈયા, યુવરાજસિંહ વાળા** દ્વારા કરવામાં આવેલ છે.